જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૨/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૫૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૩	૧	૧૧૭૩૪	૧૭૮૪૩	૧	૧૭૮૪૪
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૪	૦	૧૨૪	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૬૬૪	૧૪	૭૪૬૭૮	૭૫૭૭૪	૨૪	૭૫૭૯૮
કુલ		૯૧૨૫૪	૧૫	૯૧૨૬૯	૧૦૦૨૯૬	૨૫	૧૦૦૩૨૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૮	૩,૪૮,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩૭	૨,૩૭,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૫૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ, ૩૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૮૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭ બિયર ટીન, ૨ સ્કુટર, ૧ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૫૮/૨૦૨૧**

કાલુપુરઃ જીતેન્દ્રભાઇ રમેશભાઇ જૈન (ઉ.વ.૩૯)(રહે.સેકન્ડ ફ્લોર, રૂદ્રાક્ષ ફ્લેટ, પતાસા પોળ, ગાંધી રોડ, ખાડીયા) એ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૭૬૦૨૨૬૫૦૭૪ અને ૮૨૭૪૦૫૯૯૧૭ ના ધારકોએ જીતેન્દ્રભાઇને ફોન કરી “આદીત્ય બીરલા કેપીટલ ફાઇનાન્સ પ્રા.લિ.” માંથી વાત કરતા હોવાની ઓળખ આપી જીતેન્દ્રભાઇને ઓછા વ્યાજ દરે લોન આપવાની લાલચ આપી, લોન અંગેના અલગ-અલગ ચાર્જીસના કારણો બતાવી, જીતેન્દ્રભાઇ પાસેથી ઓનલાઈન ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧,૨૫,૫૧૫/- તેઓના ખતામાં ટ્રાન્જેકશન કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.સાંખલા ચલાવે છે.

શહેરકોટડાઃ શિવાંગીબહેન વા/ઓ અનુજકુમાર પટેલ (ઉ.વ.૩૫)(રહે.શક્તિકુંજ સોસાયટી, મનપસંદ ડાયમંડની પાસે, બાપુનગર) એ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૧ ના રોજ શિવાંગીબહેનના મોબાઈલમાં રૂપિયા ૧૫,૦૦૦/- ટ્રાન્જેકશન થયાનો મેસેજ આવતા શિવાંગીબહેને ગુગલમાંથી કસ્ટમર કેર નંબર મેળવી મોબાઇલ નંબર ૦૮૬૧૭૬૩૧૩૮૫ ના ધારકે શિવાંગીબહેનના બેંક ખાતામાંથી રૂપિયા ૧૫,૦૦૦/- ટ્રાંઝેક્શન થયેલાનુ વેરીફીકેશન કરવાનુ જણાવી ડેબીટ થયેલ રૂપિયા ૧૫,૦૦૦/- બેંક ખાતામાં પરત ક્રેડીટ કરવાનુ જણાવી શિવાંગીબહેનના બેંકના ખાતામાંથી ત્રણ ટ્રાંઝેક્શન કરી કુલ રૂપિયા ૫૭,૫૪૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.ડાભી ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ (૧) મિસ્બાહબાનુ વા/ઓ મોહમદસફ્ફાન શેખ (ઉ.વ.૨૪)(રહે.ફજલે રબ્બી પાર્ક, બરફની ફેકટરી પાસે વિશાલા સર્કલ પાસે જુહાપુરા) એ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મિસ્બાહબાનુએ ઓએલએક્સ એપ ઉપર સોફાસેટ વેચવા મુકતા મોબાઇલ નંબર ૯૭૦૭૩૫૦૮૮૬ ના ધારકે "રાહુલ ફનિચર"ના નામથી મેસેજ કરી સોફાસેટ ખરીદ કરવાનુ જણાવી મિસ્બાહબાનુને વિશ્વાસમાં લઈ, ઓનલાઈન પેમેન્ટ કરવાનુ જણાવી વોટસએપ ઉપર બારકોડ સ્ટીકર મોકલેલ અને મિસ્બાહબાનુએ આ બારકોડ સ્ટીકર સ્કેન કરતા મોબાઈલ ધારકે મિસ્બાહબાનુના ખાતામાંથી રૂપિયા ૫૪,૦૦૦/- ટ્રાન્સફર કરી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ (૨) ઉમ્મેરૂમાન ડો/ઓ મોહમદસોએબ કાજી (ઉ.વ.૨૮)(રહે.કાજી હવેલી, કાજીના ધાબા પાસે, આસ્ટોડીયા) એ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઉમ્મેરૂમાન કાજીએ તા.૨૩/૧૦/૨૦૨૧ બપોરના ૨/૪૫ IndusInd Bank ની માહીતી માટે ગુગલમાંથી કસ્ટમર કેર નંબર મેળવી વાત કરતા મોબાઇલ નંબર ૯૯૦૭૩૧૯૬૯૨ તથા ૯૫૮૩૭૦૫૬૭૯ ના ધારકે માહીતી ફોન પર નહી આપવાનુ જણાવી લીંક મોકલી જે લીંકમાં માહીતી મંગાવતા ઉમ્મેરૂમાનએ લીંકમાં આવેલ ફોર્મમાં બેંકની વિગત ભરી મોકલતા ઉમ્મેરૂમાનના IndusInd Bank ખાતામાંથી કુલ રૂપિયા ૧,૩૩,૦૦૦/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

ખાડીયાઃ નરેશકુમાર વસંતભાઈ વેદક (ઉ.વ.૩૧)(રહે.નવા રસ્તા સુરદાસ શેઠની પોળ પાસે રંગાટી કાપડ બજાર આસ્ટોડીયા) એ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નરેશકુમાર વેદકે તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ "કે" એપના માધ્યમથી પૈસા ટ્રાન્જેકશન કરતા પૈસા ટ્રાન્જેકશન નહી થતા તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ ગુગલમાંથી "કે" એપના કસ્ટમર કેર નંબર મેળવી વાત કરતા મોબાઈલ નંબર ૮૪૨૦૫૬૪૧૪૨ ના ધારકે નરેશકુમારના ટ્રાન્જેકશન નહી થવા બાબતે ચેક કરવાનુ જણાવી નરેશકુમાર પાસેથી માહીતી મેળવી લઈ ઇ-મેઇલ આઇડી હેક કરી નરેશકુમારના કોટક મહિન્દ્રા બેંકના ક્રેડીટ કાર્ડમાંથી અલગ-અલગ રકમના ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૬૯,૦૫૪/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

મેઘાણીનગરઃ મીનાબહેન વા/ઓ શીવરામ બઘેલ (ઉ.વ.૩૫)(રહે.સુંદરસિંહની ચાલી ગલી નં.૧ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે મેઘાણીનગર ભાર્ગવ રોડ અમરાજીનગર ગલી નં.૧ આગળ બે અજાણ્યા પુરૂષોએ મીનાબહેનને રૂપિયા પાંચસોનું બંડલ બતાવી મીનાબહેનને વિશ્વાસમા લઈ, મીનાબહેને પહેરેલ સોનાની રીંગ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- કઢાવી લઈ એક પાંચસોની નોટ અને બીજા કાગળના પુંઠ્ઠાવાળુ બંડલ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

ખોખરાઃ રૂપેન માથીયાસભાઇ ક્રિશ્ચિયન (ઉ.વ.૪૮)(રહે.જીવનરક્ષા એપાર્ટમેન્ટ પ્રિતીકુંજ સોસાયટીની બાજુમા ખોખરા) એ તા.૧૧/૧૨/૨૦૨૧ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રૂપેન ક્રિશ્ચિયન એ ઓનલાઈન સ્પેકર વેચાણ મુકતા તા.૧૬/૦૧/૨૦૨૧ નારોજ મોબાઇલ નંબર ૭૦૯૯૩૪૨૫૯૪ ના ધારકે સ્પીકર રૂપિયા ૨૫,૦૦૦/- મા ખરીદ કરવાનુ જણાવી રૂપેનભાઇના પુત્રના ખાતામાં રૂપિયા ૧૦૦/- યુ.પી.આઇ ટ્રાન્જેશન દ્વારા મોકલી આપી , ત્યારબાદ રૂપેન ક્રિશ્ચિયનના વોટસએપ એપ્લીકેશન ઉપર ક્યુ.આર.કોડ મોકલતા ક્યુ.આર.કોડ રૂપેનભાઇના ફોન-પે વોલેટમા સ્કેન કરતા કુલ રૂપિયા ૬૫,૦૦૦/- ત્રણ ટ્રાન્જેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.ગામીત ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૫૯/૨૦૨૧</u>**

ઓઢવઃ જીગ્નેશભાઈ શવજીભાઈ પટેલ (ઉ.વ.૩૧) (રહે. સુર્યમ રિપોઝ બંગ્લોઝ ગામ-અગોલ તા-કડી જીલ્લો-મહેસાણા) એ તા.૧૦/૧૨/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગે ઓઢવ ગ્રીનફોરેસ્ટ બંગલોઝ નજીક શ્રીધર પેરેડાઈઝના દરવાજા પાસે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેડીઝ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫,૦૮,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ જીગ્નેશભાઈ પટેલે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

<u>છઠ્ઠા માળથી પડી જતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૬૦/૨૦૨૧</u>**

વસ્ત્રાપુરઃ સંજીવ સ/ઓ ભાવસિંહ બઘેલ (ઉ.વ.૧૮) (રહે. ક્રિષ્ના એલીગન્સ નવયુગ સ્કુલ પાસે નરોડા) તા.૧૧/૧૨/૨૦૨૧ સવારના ૮/૨૫ વાગ્યાના સુમારે બોડકદેવ ન્યુબુલા ટાવરના “ઈ” બ્લોકના છઠ્ઠા માળે મકાનની બાલ્કનીમાં કલરકામ કરતા હતા ત્યારે છઠ્ઠા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ ભીમજીભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૬૧/૨૦૨૧**

નારોલઃ ગોવિંદભાઇ દલપતભાઇ દરબાર (ઉ.વ.૩૮) (રહે. વૈશાલીનગર મારીયાપાર્કની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૨/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.